| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૨/૦૭/૨૦૨૦ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૦૮૩/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૧૫૫ | ૬ | ૯૧૬૧ | ૧૫૨૨૧ | ૬ | ૧૫૨૨૭ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૬૦ | ૦ | ૪૨૬૦ | ૫૭૭૬ | ૦ | ૫૭૭૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૧ | ૧ | ૪૨ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૦૪૦૩ | ૯૮ | ૧૦૫૦૧ | ૧૧૧૮૨ | ૯૧ | ૧૧૨૭૩ |
| | કુલ | ૨૩૮૫૯ | ૧૦૫ | ૨૩૯૬૪ | ૩૨૩૮૨ | ૯૭ | ૩૨૪૭૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭૨ | ૩,૪૯,૨૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૧૨૭ | ૮,૨૫,૪૦૦/- |

# <u>પાસા અટકાયતની વિગત</u>

<u>ચાંદખેડા પોલીસ સ્ટેશનઃ-</u>

## <u>દેશીદારૂનું વેચાણ કરતાં પકડાયેલ આરોપીની પાસામાં અટકાયત કરી સુરત (લાજપોર) મધ્યસ્થ જેલમાં મોકલી આપતી ચાંદખેડા પોલીસ</u>

ચાંદખેડા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૦૭૩૪/૨૦૨૦ ધી પ્રોહી એકટ કલમ ૬૬બી, ૬૫(ઇ) મુજબના ગુનાના કામના આરોપી ભુપતજી અનુપજી ઠાકોર ઉ.વ ૩૭ ધંધો-મજુરી રહે, જગનાળા તલાવડીના છાપરા સ્નેહ પ્લાઝાની સામે આઈ.ઓ.સી રોડ ચાંદખેડા અમદાવાદ શહેરનાને પોતાના સાગરીતો સાથે મળી પોલીસથી ચોરી છોપીથી પકડાયેલ૧૪૮ લીટર દેશીદારૂ કિ.રૂ. ૨૯૬૦/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય તેઓની વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન /પાસા/૪૧૦/૨૦૨૦ તા.૦૧/૦૭/૨૦૨૦ થી સદરી આરોપીને સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૦૧/૦૭/૨૦૨૦ કલાક ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપેલ છે.

## <u>કામગીરી કરનાર</u>

(૧) પો.કોન્સ. ગુણવંતસિંહ અજીતસિંહ બ.નં.૬૬૭૮
(૨) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭
(૩) લોકરક્ષક વિશાલકુમાર પ્રભાભાઇ બ.નં.૧૧૨૮૩



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશનઃ-

## નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નર "આઈ" ડીવીજન શ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો આર.જી.જાડેજા પોલીસ ઇન્સ્પેક્ટર ઓઢવ પોલીસ સ્ટેશન નાઓ નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા માટે આપેલ સુચના આધારે "અડાલજ પો.સ્ટેશન એ ગુ.ર.નં-૧૧૨૧૬૦૦૧૨૦૦૧૧૯ ઇ.પી.કો કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ બી તથા ગાંધીનગર સેક્ટર-૭ પો.સ્ટેશન એ ગુ.ર.નં-૧૧૨૧૬૦૦૮૨૦૦૦૩૮ ઇ.પી.કો કલમ ૪૦૬, ૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી  મુજબના ગુન્હાના કામે નાસતો ફરતો આરોપી મુકેશ દિનાનાથ ગૌસ્વામી રહે: મ.નં-૬૪, આશારામ પાર્ક અર્બુદાનગર, ઓઢવ, અમદાવાદ શહેર નાનો કે જેણે શરીરે છીકણી કલરની ટી-શર્ટ તથા છીકણી કલરનુ પેન્ટ પહરેલ છે તે ઓઢવ તક્ષશીલા ચાર રસ્તા સ્કુલની સામે ઉભો છે" વિગેરે મતલબની બાતમી આધારે આરોપી તા.૦૧/૦૭/૨૦૧૯ ના કલાક ૨૩/૦૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)(આઈ) મુજબ કાયદેસર કાર્યવાહી કરી નાસતા ફરતા આરોપી પકડી સારી કામગીરી કરવામાં આવેલ છે તા-૦૧/૦૭/૨૦૨૦.

### → આરોપીના નામ:

મુકેશ દિનાનાથ ગૌસ્વામી ઉ.વ.૩૨ રહે: મ.નં-૨, ગેટ પાસે, બચુભાઇ પ્રજાપતિના મકાનમાં જમના સોસાયટી, રામોલ પોલીસ સ્ટેશન પાછળ, રામોલ, અમદાવાદ શહેર મુળવતન ગામ-ફેઝાબાદ, તા-બારાબક્કી જી-ફેઝાબાદ, થાના-દેવકીગંજ, યુ.પી.

### → કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

આર.એ.ઝાલા પો.સબ.ઇન્સ, અ.હે.કો અશ્વિનભાઇ શનાભાઇ બ.નં.૩૦૦૬
અ.હે.કો અશ્વિનભાઇ શનાભાઇ બ.નં.૩૦૦૬

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૮૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૩૯૬ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ કવાટર ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૮૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૮૬/૨૦૨૦**

**મેઘાણીનગર**: કિશનજી હુકમાજી ચૌહાણ (ઉ.વ.૫૩)(રહે.જીજીબાઈ ડાહ્યારામચાલી ધુપસંગની ચાલીની સામે ચમનપુરા મેઘાણીનગર) એ તા.૦૧/૦૭/૨૦૨૦ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૬/૨૦૨૦ કલાક ૧૨/૩૦ થી તા.૨૦/૦૬/૨૦૨૦ બપોરના ૪/૧૫ વાગ્યા દરમ્યાયાન કિશનજી ચૌહાણના ઘરે ત્રણ અજાણી સ્ત્રીઓ આવી હતી અને લાંભા ગામથી આવતી હોવાનુ જણાવી કિશનજીને વાતો કરી વિશ્વાસમાં લઈ કિશનજીને સોના બિસ્કિટ બતાવી અસલી હોવાનુ જણાવી કિશનજી પાસેથી રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- લઈ નકલી સોનુ આપી વિશ્વાઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.સિંધવ ચલાવે છે.

**સાયબર ક્રાઇમ**: રમેશભાઈ જાદવભાઈ પ્રજાપતિ (ઉ.વ.૬૧) (રહે. ભદ્રેશ્વર હાઉસીંગ સોસાયટી સરદારનગર) એ તા.૦૧/૦૭/૨૦૨૦ નારોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૩/૨૦૧૯ સવારના ૭/૦૦ વાગ્યા પહેલાં અજાણી વ્યકિતએ રમેશભાઈના ડેબીટ કાર્ડનો ડેટા ચોરી કરી અથવા કોઈ પણ રીતે મેળવી રમેશભાઈના એસ.બી.આઇ. બેંકના ખાતામાંથી ટુકડે ટુકડે કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંદી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

**એરપોર્ટ**: નેહાબહેન ડો/ઓ ભીખાભાઇ વાઘેલા (ઉ.વ.૨૯) (રહે.ગંગાધર સોસાયટી ભદ્રેશ્વર સરદારનગર) એ તા.૦૧/૦૭/૨૦૨૦ નારોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૬/૨૦૨૦ના કલાક ૧૦/૩૦ વાગેના સુમારે મોબાઇલ નંબર ૮૧૦૨૮૪૫૩૨૦ તથા ૯૫૯૩૫૧૬૨૧૮ ના ધારકે નેહાબહેનને ફોન કરી રૂપિયા ૪૪૯૯/- ના વાઉચરની લાલચ આપી બાદમા ફોન કરી નેહાબહેનના મોબાઇલમા આવેલ ફોન પે એપ્લીકેશન હેક કરી નેહાબહેનના ફોન પે ખાતામાંથી રૂપિયા ૨૪,૯૯૬/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.સી.રાઠવા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૦૮૭/૨૦૨૦

**સરદારનગરઃ** ઉત્તમચંદ જુમડોમલ ગોલાણી (ઉ.વ.૭૬) (રહે. ન્યુ “જી” વોર્ડ રાજાવીર સર્કલ કુબેરનગર સરદારનગર) એ તા.૦૧/૦૭/૨૦૨૦ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૩૦/૦૬/૨૦૨૦ રાતના ૯/૩૦ થી તા.૦૧/૦૭/૨૦૨૦ કલાક ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઉત્તમચંદ ગોલાણીના ખુલ્લા ઘરમા અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાની તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૨,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**દાણીલીમડાઃ** ખલીલ ખાલીદખાન ખાન (રહે. અસ્મા ડુપ્લેક્ષ અલહમ્દો મસ્જીદ આગળની ગલી બેરલ માર્કેટ દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૬/૨૦૨૦ રાતના ૧૧/૩૦ થી તા.૦૧/૦૭/૨૦૨૦ કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૬૦,૦૦૦/-, ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫૦૦૦/-, મોબાઇલ ફોન નંગ-૨ કિમત રૂપિયા ૩૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.ગોહિલ ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૦૮૮/૨૦૨૦

**આનંદનગર:** જીગરભાઇ ગોપાલભાઇ શાહ (ઉ.વ.૩૪) (રહે.રત્નાકર એલિટીયર હિંદ સુપર માર્કેટ ઉપર આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૦ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે જીગરભાઈના ઘરે કામ કરતા આશાબહેન વા/ઓ રાજુભાઇ ચૌહાણ (ઉ.વ.૪૨) (રહે. શીવાલય ફ્લેટ, વેજલપુર) પોતાના ઘરમાંથી સોનાની ડાયમંડની બુટ્ટી કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

## સોનાની ચેઇન/મંગળસુત્ર તોડી લઈ ગયા :- સમાચાર યાદી નં.૧૦૮૯/૨૦૨૦

**ઇસનપુર:** શકુંતલાબહેન રામદાસ શિમ્પી (ઉ.વ.૭૧) (રહે.એવલોન-૨ ઘોડાસર ચાર રસ્તા ઇસનપુર) તા.૧૫/૦૬/૨૦૨૦ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે ઇસનપુર બંગલા નં- ૭ આગળ અનંગ સોસાયટી ભાડુઆતનગર નજીક સરનામુ પુછવાના બહાને એક મોટર સાયકલ પર આવેલ બે પુરૂષ શકુંતલાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શકુંતલાબહેન શિમ્પીએ તા.૦૧/૦૭/૨૦૨૦ નારોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.ચાવડા ચલાવે છે.

**રામોલઃ** જીવીબહેન વા/ઓ બળદેવભાઈ ચૌધરી (ઉ.વ.૬૪) (રહે. માધવ પાર્ક વિભાગ-૨ માધવ સ્કુલની બાજુમા વસ્ત્રાલ) તા.૨૯/૦૬/૨૦૨૦ સાજના ૭/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા પર આવેલ બે પુરૂષ જીવીબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જીવીબહેન ચૌધરીએ તા.૦૧/૦૭/૨૦૨૦ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૯૦/૨૦૨૦</u>**

**રામોલઃ** કિંજલબહેન ચંદ્રકાન્તભાઇ ગોહેલ (ઉ.વ.૨૯) (રહે.આલોક-૫ વૃંદાવન વાટીકાની બાજુમાં વસ્ત્રાલ) એ બિમારીના કારણે સ્યુસાઇડ નોટ લખી તા.૦૧/૦૭/૨૦૨૦ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિહ પર્વતસિહ ચલાવે છે.

ઓઢવઃ પિયુષભાઇ અરવિંદભાઇ કાપડીયા (ઉ.વ.૪૨) (રહે. કૃષ્ણા એપાર્ટમેન્ટ સી.એમ.સી. પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૬/૨૦૨૦ રાતના ૧૦/૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૦ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દોરડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

**ગોમતીપુરઃ** જ્યોતિબહેન વા/ઓ નરેશભાઇ કોરી (ઉ.વ.૨૮) (રહે.દામોદરના છાપરાં મહાકાળી મંદિર પાછળ રામીની ચાલીની બાજુમાં રખિયાલ રોડ ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૭/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સિટીઃ** સચીનભાઇ વિનોદચંદ્ર સોની (ઉ.વ.૪૩) (રહે. રતીલાલ પાર્ક સોસાયટી દર્પણ છ રસ્તા પાસે નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૭/૨૦૨૦ કલાક ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.સી.ધુમ્મડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી